# ગુજરાત જાહેર સેવા આયોગ

## લેકચરર સિનિયર સ્કેલ (રીડર)(આયુ.) (સ્વસ્થવૃત્ત) જાહેરાત ક્રમાંક.૨૪/૧૭-૧૮માં અપાત્ર ઉમેદવારોની યાદી

આયોગ દ્વારા પ્રસિધ્ધ થયેલ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ સરકારી આયુર્વેદ કોલેજોમાં વિવિધ વિષયના લેકચરર સિનિયર સ્કેલ (રીડર)(આયુ.)**(સ્વસ્થવૃત્ત)** આયુર્વેદ સેવા વર્ગ-૧( જાહેરાત ક્રમાંક ૨૪/૧૭-૧૮ ) ની કુલ:૦૪ જગ્યાઓ ઉપરની ભરતી માટે આયોગ દ્વારા ઓનલાઇન કન્ફર્મ થયેલ અરજીઓની ચકાસણીને અંતે ઓનલાઇન અરજી ક્રમાંક પ્રમાણે અપાત્ર ઉમેદવારોની યાદી તા.૧૧-૦૪-૨૦૧૭ના રોજ પ્રસિધ્ધ કરેલ હતી. જેમાં **Dr.Sejal Harshit Shah, conformation No. 2386592ની પાત્રતા/અપાત્રતા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો અભિપ્રાય મળ્યા બાદ નિર્ણય કરી પ્રસિધ્ધ કરવામાં આવશે તેમ દર્શાવેલ છે.** નીચે દર્શાવ્યા મુજબની વિગતે **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અભિપ્રાય**ને આધીન તેઓ તેઓ અપાત્ર જાહેર થાય છે જેથી તેઓ **પ્રાથમિક કસોટીમાં પ્રવેશને પાત્ર બનતા નથી:-**

નોંધ:

| | |
|---|---|
| ૧ | **તા.૧૬-૦૭-૨૦03 થી તા.૦૭-૦૪-૨૦૦૮ના સમયગાળાના (અરજીમુજબ) ૪.૧ વર્ષના તા.૨૧-૦૭-૨૦૦૮ના અનુભવમાં અધ્યાપનના વિષયનો ઉલ્લેખ નથી. આમ, ભરતી નિયમ, મુજબ નિયત વિષયના માંગેલ અનુભવને સુસંગત ન હોવાથી આ અનુભવ માન્ય ગણવા પાત્ર નથી** |
| ૨ | ઉમેદવારે રજુ કરેલ તા.૧૦/૯/૨૦૦૮ થી તા.૧૯/૬/૨૦૦૯ના સમયના (૦૯ માસ ૧૦ દિવસ) તા.૨૪/૪/૨૦૧૭ના રોજના અનુભવના પ્રમાણપત્રમાં “ સ્વસ્થ વૃત્ત “ વિષયમાં કરેલ અધ્યાપનનો અનુભવ ભરતી નિયમ મુજબ “ સ્વસ્થ વૃત્ત “ વિષયની જાહેરાત ક્રમાંક ૨૪/૨૦૧૭-૧૮ માટે માન્ય ગણવાપાત્ર છે. |
| 3 | ઉમેદવારે અરજીમાં તા.૨૩/૬/૨૦૧૧ થી તા.૨૪/૫/૨૦૧૨ સમયના વ્યાખ્યાતા તરીકેનો અનુભવનો (૧૧ માસ ૨ દિવસ ) વર્ષ) ઉલ્લેખ અખંડાનંદ આયુર્વેદિક કોલેજ, અમદાવાદ ખાતે દર્શાવેલ છે પણ આ અંગેનું કોઇ પ્રમાણપત્ર અરજી સાથે સામેલ કરેલ નથી. આમ આ અનુભવ માન્ય ગણવાપાત્ર નથી. |

| | |
|---|---|
| ૪ | ઉમેદવારે અરજીમાં તા.૨૫/૫/૨૦૧૨ થી તા.૨૨/૫/૨૦૧૭ (૫ વર્ષ )નો રિસર્ચ ઓફિસર તરીકેનો અનુભવ દર્શાવ્યો છે. તે અનુસંધાને તા.૧/૬/૨૦૧૭ના રોજનું અનુભવનું પ્રમાણપત્ર પણ બિડેલ છે. પણ નીચેની હકીકત જોતાં રિસર્ચ ઓફિસરનો માત્ર ૪.૧ વર્ષનો જ અનુભવ માન્ય ગણવાપાત્ર છે.<br>(૪.૧) આરોગ્ય વિભાગે આધારો સાથે સ્પષ્ટતા કર્યા મુજબ તા.૨૩/૫/૨૦૧૨ના કાર્યાલય આદેશથી તેમની બદલી સંશોધન અધિકારીની જગ્યાએ કરેલ પણ વહીવટી કારણોસર તેઓ આ સંશોધન અધિકારીની જગ્યા પર તાત્કાલિક નહિ પણ છેક તા.૧૦/૪/૨૦૧૩ના રોજ હાજર થયેલ છે અર્થાત આ સમયગાળાનો ( તા.૨૫/૫/૨૦૧૨ થી તા.૯/૪/૨૦૧૩ સુધી = ૧૦ માસ ,૧૫ દિવસ) તેમનો અનુભવ સ્વસ્થવૃત્ત વિષયના ડેપ્યુટેડ લેક્ચરર (મેડિકલ ઓફિસર) તરીકેનો જ ગણાય. આ ૧૦ માસ અને ૧૫ દિવસનો રિસર્ચ ઓફિસરનો માન્ય અનુભવ ગણવાપાત્ર નથી.<br>(૪.૨) ઉમેદવારે રજુ કરેલ તા.૧/૬/૨૦૧૭ના રોજના અનુભવના પ્રમાણપત્રમાં દર્શાવ્યા મુજબ તા.૧૦/૪/૨૦૧૩ થી તા.૨૨/૫/૨૦૧૭ (૪ વર્ષ -૧ માસ -૨૧ દિવસ)નો રિસર્ચ ઓફિસરનો અનુભવ માન્ય અનુભવ ગણવાપાત્ર થાય પણ ભરતી નિયમ મુજબ નિયત કરેલ ૫ વર્ષનો થતો નથી. |

- **ઉપરોક્ત વિગતે તેઓ ભરતી-નિયમ મુજબ નિયત સમયનો શૈક્ષણીક અથવા રિસર્ચનો અનુભવ ધરાવતા ન હોવાથી અપાત્ર જાહેર કરવામાં આવે છે.**

- **અપાત્રની યાદી જાહેર કર્યા બાદ આયોગ દ્વારા કોઇ પણ ઉમેદવારના અરજીપત્રક / પ્રમાણપત્રો સ્વીકારવામાં આવશે નહીં.**

**સહી**

**(એચ. એસ. ભાયાણી)**

**સેકશન અધિકારી**

**ગુજરાત જાહેર સેવા આયોગ**

03-05-18